શોભિતમુખધૂલં યમુનાફલં નિપટ અતૂલં સુખદવરં
મુખમંડિતરેણુચારિતધેનુવાદિતવેણુ મધુરસુરમ્ ॥
વલ્લભમતિ વિમલં શુભપદસમલં નખરૂચિવિમલંતિમિરહરં
ભજનં નંદકુમારં સર્વસુખસારં તત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૩॥
શિરમુકુટસુદેશં કુંચિતકેશં નટવરવેશં કામવરં
માયાકૃત મનુજં હલધરઅનુજં પ્રતિહતદનુજં ભારહરં ॥
વલ્લભવ્રજપાલં સુભગસુચાલં હિતમનુકાલં ભાવવરં
ભજનંદકુમમારં સર્વસુખસારં તત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૪॥
ઈંદીવરભાસં પકટસુરાસં કુસુમવિકાસં વંશિધરં
હિતમન્મથમાનં રૂપનિધાનં કૃતકલિગાનં ચિત્તાહરમ્ ॥
વલ્લભ મૃદુહાસં કુંજનિવાસં વિવિધવિલાસં કેલિકરં
ભજનંદકુમારં સર્વસુખસારં તત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૫॥
અતિ પરમ પ્રવીણં પાલિતદીનં ભક્તાધીનં કર્મકરં
મોહનમતિધીરં ફણિબલિવારં હતપરવીરં તરલતરમ્ ॥
વલ્લભવ્રજરમણં વારિજવદનં જલધરશમનં શૈલધરં
ભજનંદકુમારં સર્વસુખસારં તત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૬॥
જલધરરૂચિકાયં લલિતત્રિભંગં બહુકૃતિરંગં રસિકવરં
ગોકુલપરિવારં મદનાકારં કુંજવિહારં ગૂઢનરમ્ ॥
વલ્લભવ્રજચંન્દ્રં સુભગસુચ્છંદં પરમાનંદં ભ્રાંતિહરં
ભજનંદકુમારં સર્વસુખસારં તત્વવિચાર બ્રહ્મપરમ્ ॥૭॥
વંદિતયુગચરણં પાવનકરણં જગદુદ્ધરણં વિમલધરં
કાલિયશિરગમનં કૃતફણિનમનં ધાતિતયમનંમૃદુલતરમ્ ॥
વલ્લભદુઃખહરણં નિર્મલ ચરણમ્ અમરણશરણં મુક્તહરં
ભજનંદકુમારં સર્વસુખસારં તત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૮॥

卐 卐 卐



# શ્રી દૈન્યાષ્ટકમ્‌ના અર્થ

હે શ્રીકૃષ્ણ ! હે ગોકુલના અધિપતિ ! હે નન્દરાયજીના પુત્ર ! હે યશોદાન્દન ! હે પ્રભો ! દીન એવા મારા ઉપર આપ કૃપા કરો. ૧

વ્રજના આનન્દરૂપ ! વ્રજવાસી ! વ્રજવાસી ગોપીજનોના હૃદય કમળમાં બીરાજનારા ! હમેશાં વ્રજમાં લીલાને કરનારા હે પ્રભો ! દીન એવા મ્હારા ઉપર આપ કૃપા કરો. ૨.

નામ અને લીલાના વિલાસ માટે શ્રીમદ્ ભાગવતના ભાવાર્થમાં રસરૂપે પ્રકટેલા ! રસિક સ્વરૂપવાળા હે પ્રભો ! દીન એવા મ્હારા ઉપર કૃપા કરો. ૩.

શ્રી યશોદાજીના હૃદયના આનન્દરૂપ ! શ્રી નન્દજીના આંગણામાં ખેલનારા ! વાંકડીઆ વાળથી ઢંકાયેલા મુખકમલવાળા હે પ્રભો ! દીન એવા મ્હારા ઉપર કૃપા કરો. ૪.

વિરહવેદના રૂપી વ્રતમાં રહેલાઓના આત્મસ્વરૂપ ! ગુણગાનનું શ્રવણ જેમને પ્રિય છે એવા, તથા અત્યંત દીન ભક્તના ઉપર દયાને કરનારા એવા હે પ્રભો ! દીન એવા મ્હારા ઉપર દયા કરો. ૫.

અત્યંત આસક્તજનોમાં આસક્તિવાળા ! પરોક્ષ ભક્તિ જેમને વ્હાલી છે એવા ! પરમાનન્દના સાગર ! હે પ્રભો ! દીન એવા મ્હારા ઉપર કૃપા કરો. ૬.

શુદ્ધ હૃદયવાળા ભક્તોનો નિરોધ કરનારા ! ગોપી જનોના ગીતથી મોહ પામનારા ! હે પ્રભો અત્યંત વિરહ વેદનાવાળા તથા દીન એવા મ્હારા ઉપર આપ કૃપા કરો.. ૭.

શ્રી મદાચાર્યજીના હૃદયમાં હમેશાં સેંકડો નિત્ય લીલાને કરવા વાળા હે પ્રભો ! સર્વથા શરણે આવેલા તથા દીન એવા મ્હારા ઉપર કૃપા કરો. ૮

# શ્રી કૃષ્ણઃ શરણાષ્ટકમ્

સર્વ સાધન હીનસ્ય પરાધીનસ્ય સર્વતઃ ।
પાપપીનસ્ય દીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૧॥

સંસાર સુખ સંપ્રાપ્તિ સન્મુખ્સ્ય વિશેષતઃ ।
બહિર્મુખસ્ય સતતં શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૨॥
સદા વિષય કામસ્ય દેહારામસ્ય સર્વથા ।
દુષ્ટસ્વભાવવામસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૩॥
સંસાર સર્પદુષ્ટસ્ય ધર્મભ્રષ્ટસ્ય દુર્મતેઃ ।
લૌકિક પ્રાપ્તિ કામસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૪॥
વિસ્મૃત સ્વીયધર્મસ્ય કર્મમોહિતચેતસઃ ।
સ્વરૂપજ્ઞાનશૂન્યસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૫॥
સંસાર સિન્ધુમગ્નસ્ય ભગ્નભાવસ્ય દુષ્કૃતેઃ ।
દુર્ભાવલગ્નમનસઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૬॥
વિવેક ધૈર્ય ભક્ત્યાદિ રહિતસ્ય નિરંતરમ ।
વિરુદ્ધકરણાસક્તેઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૭॥
વિષયાક્રાન્તદેહસ્ય વૈમુખ્યહૃત સન્મતેઃ ।
ઇન્દ્રિયાશ્વગૃહીતસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૮॥
એતદષ્ટક પાઠેન હ્યેતદુક્તાર્થ ભાવનાત્ ।
નિજાચાર્ય પદાંભોજન સેવકો દૈન્યમાપ્નુયાત્ ॥૯॥

## શ્રી કૃષ્ણઃ શરણાષ્ટકમ્‌ના અર્થ

કંઈપણ સાધન મારી પાસે નહી હોવાથી, હંમેશા પરતંત્ર છું. પાપ થવાથી પાપથી ભરેલો અને દીન છું. માટે શ્રીકૃષ્ણ એજ મારૂં શરણ છે. ૧

ઘણું કરીને સંસારનાં સુખને જ મેળવવામાં હંમેશાં તૈયાર રહેતો, બહિર્મુખ થયેલા એવા મારે શ્રીકૃષ્ણ એજ મારૂં શરણ છે. ૨

હમેશાં વિષયમાંજ લાલસાવાળો, તેમ દેહમાં જ હંમેશાં આનંદ માનનારો, દુષ્ટ સ્વભાવવાળા એવા મારે શ્રીકૃષ્ણ પ્રભુનુંજ શરણ છે. ૩

સંસારરૂપી સર્પથી દંશ કરાયેલા, તેથી ભ્રષ્ટ થઈ ગયેલા, તેથી દુષ્ટ બુદ્ધિવાળા અને લૌકિક પદાર્થો મેળવવામાં કામનાવાળા એવા મારે શ્રીકૃષ્ણ પ્રભુનુ જ શરણ હો. ૪

પોતાના ધર્મને પણ વિસ્મૃત કરી ગયો છું; અને અસત્ કર્મોથી



મારૂં મન મોહિત થઈ ગયું છે. પ્રભુના સ્વરૂપ જ્ઞાનથી હું શૂન્ય છું એવા મારે શ્રીકૃષ્ણ એજ મારૂં શરણ છે. ૫

સંસારૂપી સમુદ્રમાં હું ડુબી ગયો છું. મારો ભાવ (પ્રેમ) ભાગી ગયો છે. મારી કૃતિ નઠારી છે. મન દુષ્ટ ભાવોમાં જોડાઈ ગયું છે. શ્રીકૃષ્ણ એજ મારૂં શરણ છે. ૬

વિવેક, ધૈર્ય અને ભક્તિ વિગેરેથી હું શૂન્ય છું. હંમેશા વિરૂદ્ધ કામ કરવામાં આસક્તિવાળો છું, એવા મારે શ્રીકૃષ્ણ એ જ શરણ છે. ૭

વિષયથી વ્યાપ્ત શરીરવાળો છું, પ્રભુથી વિમુખ થવાથી મારી સન્મતિ જતી રહી છે. ઈન્દ્રિયરૂપી અશ્વથી હું ખેંચાઈ ગયો છું. મારે શ્રીકૃષ્ણનુ જ શરણ છે. ૮

આ અષ્ટના પાઠથી, તેના અર્થનું મનન કરવાથી શ્રી આચાર્યજીના ચરણ કમળનો સેવક જરૂર દીનતાને પ્રાપ્ત કરશે.

॥ શ્રી હરિરાયજી વિરચિતમ્ ॥

## પુષ્ટિમાર્ગીય મંગલાષ્ટક

સદા વદો સૌ શ્રીકૃષ્ણઃ શરણં મમ્
વલ્લભવરની આજ્ઞા એ કહેવાય જો ।
સાધન તેમજ ફળ પણ તેને જાણવું
ઈહ પરલોકે ચિંતાં રહિત થવાય જો ॥ સદા૦૧
જે ગુરૂવરના ચરણ કમળની રેણુઓ
નિજ્જનોની સૌ ચિન્તા હણનાર જો ।
એવા પરમ કૃપાળુ નિજ આચાર્યને
કરૂ હું પ્રેમે વંદન વારંવાર જો ॥સદા૦૨
જેના અનુગ્રહથી સંસારી જીવ સૌ,
સર્વ દુઃખનો સહેજે પામે પાર જો ।
એવા પરમ દયાળુ વલ્લભલાલને,
સદાય સ્નેહે વન્દુ વારંવાર જો ॥સદા૦૩